જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૧૫/૯/૨૦૧૫ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૬૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી અને ૨૨ વ્યક્તિઓને ઝડપી ૮૦ લીટર દેશી દારૂ, ૨૨૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨૧૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૪૩૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૬૩/૧૫**

**સરખેજ :** નુરમહંમદ વલીમહંમદ મલેક (ઉ.વ.૭૦)(રહે.સંકલીતનગર, જુહાપુરા) તા.૧૨/૯/૧૫ રાતનાં ૧૧/૦૦ થી તા.૧૩/૯/૧૫ સવારનાં ૯/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ જુહાપુરા રોડ ઉપર આવેલ હોટલ રેસ્ટ એન્ડ રાઇડની સામે, સુપ્રીમ ઓટોમોબાઇલ્સ નામનાં લોખંડ ભંગારનાં ગોડાઉન ખાતે વૉચમેન તરીકે ફરજ બજાવતાં હતા દરમ્યાન અજાણી વ્યક્તિએ કોઇ કારણસર નુરમહંમદને શરીરે ઇજાઓ પહોંચાડી તેમનું મૃત્યુ નિપજાવ્યુ છે. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનારનાં ભાઇ ઇમરાનખુરશીદ નાઓએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૪/૧૫**

**વેજલપુરઃ** ફિરોજાબાનુ અબ્દુલહમીદ બંબાવાળા (રહે.ગુલમહોર સોસાયટી ન્યુ એઈઝ સ્કૂલ સામે મેમણ હોલ પાસે જુહાપુરા) એ તા.૧૪/૯/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૯/૧૫ કલાક ૮/૦૦ થી તા.૧૪/૯/૧૫ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૪૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૫/૧૫**

**કાગડાપીઠઃ** અનિલ જયંતીલાલ કડીયા (રહે.શિવ શંકર એપાર્ટમેન્ટ ગોતા હાઉસીંગ ગોતા) એ તા.૮/૯/૧૫ કલાક ૧૨/૩૦ વાગે વાણીજ્યભવનના મુખ્ય દરવાજા નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીએક્સ ૬૯૫૪ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ અનિલ કડીયાએ તા.૧૪/૯/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**મેઘાણીનગર :** દિલીપભાઇ તરાજુભાઇ પટણી (રહે. રામેશ્વર જલસાગર સોસાયટી, મેઘાણીનગર) એ તા.૧૩/૯/૧૫ નાં કલાક ૭/૩૦ વાગે રહેણાંક નજીક સ્વામીનારાયણ મંદિર પાસે પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧૮ એ.એક્સ. ૮૦૪૯ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૪/૯/૧૫ નાં કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ દિલીપભાઇ પટણીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૬/૧૫**

**વટવાઃ** મીનાબહેન અશોકકુમાર જાની (ઉ.વ.૪૫)(રહે.વિશાલનગર, અંબાજી મંદિર પાસે, ઇસનપુર) તા.૧૩/૯/૧૫ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી વિશાલા તરફ જતાં રોડ ઉપર શાસ્ત્રીબ્રીજનાં છેડે થી પોતાનાં પતિ, અને માતા શારદાબહેન ડાહ્યાભાઇ બારભૈયા (ઉ.વ.૭૨) સાથે સ્કુટી ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોરવ્હીલ ગાડી નંબર જીજે ૦૧ એચ.એસ. ૭૭૬૭ નાચાલકે ગાડી પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટીને ટક્કર મારતાં, ત્રણેય જણાંને અડફેટે લેતાં, મીનાબહેનની માતા શારદાબહેનેને ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે તેમેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન શારદાબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર શારદાબહેનની પુત્રી મીનાબહેન જાનીએ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૬૭/૧૫**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) :** જીતેન્દ્રભાઇ કાંતીભાઇ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે.વાઘેલા વાસ, વિષ્ણુ કોલોની પાસે, જશોદાનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૪/૯/૧૫ ના કલાક ૯/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે એલીસબ્રીજ સાબરમતી નદીનાં પૂર્વ છેડે નદીમાં પડતુ મુકી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)